પત્રિકા
૧૨૯

# ચિરાગે હિદાયત

૨૦/૧૦/૧૭
૨૯ મોહર્રમ

## ઝુલ્મ

**''વસયઅ્લમુલ્લઝીન ઝલમુ અય્ય મુન્કલબી યઁન્કલેબુન''**

અલ્લાહતઆલા કુરઆનમાં સૂરએ શોઅરાની આયત નં.૨૨૭ માં ફરમાવે છે

**''જેઓ એ ઝુલ્મો કર્યા છે તેઓ ટૂંક વખતમાં જ જાણી લેશે કે મરવા પછી કેવી જગ્યાએ પલટાવવામાં આવશે.''**

અઝીઝો! આપણે સૌ કોઈ આ આયતને વારંવાર સાંભળીએ છે. ખુસુસન આ અય્યામે અઝામાં દરેક ઝાકિર પોતાની મજલીસને આ આયતથી પૂર્ણ કરે છે કારણ કે આ આયત આપણને કરબલામાં થયેલા ઝુલ્મ અને તે ઝાલીમોના અંત તરફ ધ્યાન દોરે છે. ઝુલ્મ એટલે કે અત્યાચાર, હકદારને તેનો હક ન આપવો, કોઈના ઉપર દુરાચાર કરવો અને એવું કાર્ય કે જે શરઈ અને અક્કલની વિરૂધ્ધ છે. જીભ અને હાથ વડે એવા કાર્યો કરવા કે જેનાથી કોઈને હાનિ પહોંચે એ બધાનો સમાવેશ ઝુલ્મમાં થાય છે.

ઈતિહાસ પર જયારે નજર કરીએ તો ઝુલ્મના ઘણાં વાકેઆ આપણી સમક્ષ આવે છે અને આ ઝુલ્મ ઈન્સાન શા માટે કરે છે તેની પણ આપણને ખબર પડે છે. દા.ત. : હસદને કારણે જનાબે હાબીલને કત્લ કરવામાં આવ્યા, હસદને કારણે જનાબે યુસુફને તેના ભાઈઓએ કુવામાં નાખી દીધા, જનાબે આસીયા કે જેના ઉપર તેના શોહર ફીરઔને ઝુલ્મ કર્યો, હઝરત અલી(અ.સ.) ઉપર અને જનાબે સૈયદા(સ.અ.) ઉપર ઝુલ્મ, એવી જ રીતે દરેક ઈમામો ઉપર ઝુલ્મ થયા. અહીં સુધી કે અલ્લાહે ઝમાનાના ઈમામ(અ.સ.)ને આ ઝુલ્મથી બચાવવા ગયબતના પરદામાં રાખી લીધા.

આ બધા જ વાકેઆતમાં આપણે મઝલૂમ અને ઝુલ્મ કરનાર બંનેનો અંજામ કુરઆનમાં બયાન કરવામાં આવ્યો છે.

ઝુલ્મ એ સખ્ત ગુનાહનું કામ છે અને તેને આચરનાર દુઃખદાયક અઝાબને પાત્ર છે. ઝુલ્મ ચાહે બીજા ઉપર હોય કે ખુદ પોતાના નફસ ઉપર હોય તેની હાનિકારક અસર માણસને હલાકતમાં મુબ્તેલા કરી દે છે.

અઝીઝો! આ અઝાદારી, મજલીસે હુસૈન(અ.સ.) મોટી દર્સગાહ છે. જયારે આપણે આ મજલીસોમાં જઈને હઝરત ઈમામ હુસૈન(અ.સ.) ઉપર થયેલા ઝુલ્મો ઉપર રડીએ છીએ, માતમ કરીએ છીએ, તો એ વાતનું ખાસ ધ્યાન રાખીએ કે શું આપણે જાણતા કે અજાણતા કોઈની ઉપર ઝુલ્મ તો નથી કરી રહ્યા! કારણ કે કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે ''હરગીઝ એવું અનુમાન કરતા નહિં કે અલ્લાહ ઝાલીમોના કામથી બેખબર છે પણ તેમને એ દિવસ સુધી ઢીલ આપવામાં આવી છે કે જે દિવસે આંખો ટગર ટગર જોઈ રહી હશે. તેમના માથા દુઃખ અને પરેશાનીમાં ભમી રહ્યા હશે. ફાટેલી પાંપણો બીડવાની શક્તિ ગુમાવી બેઠા હશે અને તેમના દિલો ઉડી ગયા હશે.''

અફસોસ છે કે આટલી બધી અઝાદારી કરવા પછી અને આટલા કુરઆનો ખત્મ કર્યા પછી પણ આપણને કૌમમાં એવા પ્રસંગો જોવા મળે છે જ્યાં ભાઈ-ભાઈ ઉપર, શોહર બીબી ઉપર કે પછી ઘરની કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિ ઉપર ઝુલ્મ કરતો હોય જયારે કે મઝહબે ઈસ્લામે દરેકના હકને બયાન કર્યા છે અને ઝુલ્મને તો હરામ કર્યુ છે.

અલ્લાહ તઆલાએ કોઈ જાનવર ઉપર પણ ઝુલ્મ કરવાની ઈજાઝત નથી આપી તો પછી ઘરવાળાઓ ઉપર ઝુલ્મ કરનારથી અલ્લાહ તઆલા કેવી રીતે રાઝી હોય?

ઝુલ્મની મઝીમ્મત કરતા હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે કે ''એક પળ ઝુલ્મ કરવો અલ્લાહ તઆલાની પાસે સાઈઠ વર્ષ સુધી અન્ય ગુનાહો કરવા કરતા વધારે ખરાબ છે.'' આપ(સ.અ.વ.)એ આ પણ ફરમાવ્યું કે ''જે શખ્સ ગુનાહની

**સજા અને બદલાથી ડરે છે તે કદી પણ ઝુલ્મ નહીં કરી શકે.''**

જેવી રીતે ઝુલ્મ કરનાર ઝાલીમની મઝીમ્મત કરવામાં આવી છે અને જેવી રીતે તે અઝાબને પાત્ર છે તેમજ ઝાલીમને મદદ કરનાર, તેના કાર્યોથી ખુશ થનાર લોકો પણ ધિક્કારને અને અઝાબને પાત્ર છે કારણ કે ઈમામ(અ.સ.) ફરમાવે છે કે **''ઝુલ્મ કરનાર, ઝાલીમને મદદ કરનાર અને ઝાલીમના કાર્યોથી રાજી રહેનાર ત્રણેય ઝાલીમ છે.''**

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ''કયામતના દિવસે એક મુનાદી અવાજ આપશે કે ઝાલીમ અને ઝાલીમો જેવા કયાં છે? અને પછી આવા બધા લોકોને એકઠા કરીને એક પેટીમાં પૂરી જહન્નમની આગમાં ફેંકી દેવામાં આવશે. આમાં ઝાલીમને ઝુલ્મનું ફરમાન લખવા માટે કલમ ઘડી આપનાર કે ખડીયામાં શાહી પૂરનાર પણ શામીલ હશે.''

* *ત્રણ ગુનાહ એવા છે જેનો અઝાબ ખૂબ જલ્દી આ દુનિયામાં મળી જાય છે અને આખેરત માટે તેનો વિલંબ નથી કરવામાં આવતો :*

૧) વાલેદૈનની નારાઝગી

૨) લોકો ઉપર ઝુલ્મ કરવું

૩) એહસાન અને નેઅમતનું કુફ્ર કરવું. *(આમાલી- શેખ મુફીદ, શેખ તુસી)*

હઝરત ઈમામ સાદીક(અ.સ.) ફરમાવે છે કે **''મોઅમીન મોઅમીનનો ભાઈ છે. તેની આંખ અને તેનો રેહબર છે, ન તો તેની સાથે ખયાનત કરે છે, ન તેની ઉપર ઝુલ્મ અને ન તો વાયદા ખીલાફી કરે છે.''**

મોઅમીન એ છે જે ફિત્નાઓ ફસાદના સમયે કાબુમાં રહે, મુસીબતમાં સબ્ર, ખુશીમાં શુક્રગુઝાર, રિઝ્કે ખુદાથી મુત્મઈન, દુશ્મનો ઉપર ઝુલ્મ નહિં કરે, તેનું શરીર તેના કાબુમાં હોય, લોકો તેનાથી રાહત અનુભવે, ઈલ્મ તેનો દોસ્ત હોય અને હિલ્મ (સહનશીલતા) તેનો વઝીર હોય નમ્રતા તેનો ભાઈ હોય, અને નેકી

તેનો બાપ હોય. *(અકવાલે મઅસૂમીન અ.સ.)*

હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)એ હઝરત કુમૈલ બિન ઝિયાદને જે નસીહતો કરી હતી તેમાં આ વાત પણ હતી કે **"ઝાલીમોના ઘરે અવરજવર ન રાખો અને તેમના એહસાનમાં રહેવાથી પરહેઝ કરો તેઓની નઝદીક રહેવાનો પ્રયત્ન ન કરો, તેમની હા માં હા ન મેળવતા રહો અને તેમની બેઠકમાં કોઈ પણ એવી સાક્ષી ન આપો કે જેનાથી અલ્લાહ નારાજ થઈ જાય.**

**કુમૈલ ! જો તમારે ના છુટકે તેમની પાસે જવું પડે તો ત્યાં જઈને માથું નમાવીને ચૂપચાપ બેસી રહો અને અલ્લાહ તઆલાને ખૂબજ યાદ કરતા રહો અને અલ્લાહ તઆલાની ઉપર દ્રઢ વિશ્વાસ રાખો અને અલ્લાહ તઆલાની હુઝુરમાં તે લોકોના છળકપટથી બચતા રહેવાની દુઆ કર્યા કરો અને અલ્લાહ તઆલાની હમ્દો સના કર્યા કરો, તેઓ તમને ભયભીત કરવા ઈચ્છશે અને ખુદા તમને તેઓના ધાતકીપણાથી સુરક્ષિત રાખશે."** *(સફીનહ ભાગ-૨, પેજ નં. ૧૦૯)*

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું **"જીસને મેરે એહલેબૈત(અ.મુ.સ.) પર ઝુલ્મ કીયા, જીસને ઉનસે જંગ કી, જીસને ઉન્કે ખિલાફ ઝાલીમકી મદદ કી, ઉન્કે લીયે જન્નતકો હરામ કરાર દીયા ગયા હૈ ઔર કયામત કે દિન અલ્લાહ ઐસે લોગોંકી તરફ નિગાહે કરમ નહીં કરેગા, ઔર ઉન્હેં પાક નહી કરેગા ઓર ઉન્કે લીયે દર્દનાક અઝાબ હૈ."**

ઈમામ સાદીક(અ.સ.)એ ફરમાવ્યું **"વોહ જો હમ પર હુવે ઝુલ્મ પે ગમઝદા હો, ઉસકી હર સાંસ તસ્બીહ હૈ, ઉસકા સોગ ઈબાદત હૈ."** *(અઅમાલીએ શેખ મુફીદ અ.ર.)*

અઝીઝો! આવો અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ કે અલ્લાહ તઆલા આપણને દરેક ઝાલીમથી બચાવે અને કાએમે આલે મોહંમદ(અ.સ.)ના ઝહુરમાં જલ્દી કરે કે જેઓ આ ઝમીનને અદલો ઈન્સાફથી ભરી દે. ઈલાહી આમીન.

**પ્રકાશક : હાજીનાજી મેમોરીયલ ટ્રસ્ટ**
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com